રજૂ તારીખ : ૨૦.૦૩.૨૦૨૬
દાખલ તારીખ : ૨૦.૦૩.૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૭.૦૪.૨૦૨૬
અવધિ : વર્ષ ૦ માસ ૦ દિવસ ૧૮

આંક–..........

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની
## કોર્ટ સમક્ષ, મુ.સુરત

**જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૫૩/૨૦૨૬**

અરજદારઃ **હાર્દિકકુમાર અશોકભાઈ શાહ**
**તે Shah's Investment ના ડિરેક્ટર**
ઉં.આ.૩૫ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ ઘર નં.૧૦, ડી.એમ. પાર્ક સોસાયટી,
જે.કે.પી. નગર સોસાયટી સામે,
સીંગણપોર–કતારગામ રોડ, કતારગામ, સુરત,
મૂળ રહે. ગામ દાઠા, તા.મહુવા, જિ.ભાવનગર.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી વી.એસ.ચલીયાવાલા
સામાવાળા તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી.ડોબરીયા

## <u>ચૂકા દો</u>

(૧) અરજદારે ચોકબજાર પોલીસ સ્ટેશન પાર્ટ-'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૧૨૨૫૧૧૫૫/૨૦૨૫ ના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ ની જોગવાઈ અન્વયે મુદ્દામાલ લેપટોપ, ડેસ્કટોપ-સી.પી.યુ. તથા રૂપિયા ગણવાનું મશીન પરત મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

(૨) હાલની અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી. ડોબરીયા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક-૪ થી રજૂ કરેલ અભિપ્રાય વંચાણે લીધો.

(૩) અરજદારના વિ.ધારાશાસ્ત્રીશ્રીએ હાલની અરજીની હકીકતોને અનુલક્ષીને રજૂઆત કરેલ છે કે, હાલના ગુનાના કામે અરજદારની માલિકીના લેપટોપ, સી.પી.યુ. તથા રૂપિયા ગણવાનું મશીન કબજે લેવામાં આવેલ છે. સદરહુ મુદ્દામાલ વધુ સમય બિનવપરાશી પડી રહે અને તે ઈલેક્ટ્રોનિક વસ્તુ હોઈ, તેની બેટરી, સર્કીટ તથા પાર્ટ્સ વગેરેને નુકસાન થાય તેમ છે. સદરહુ મુદ્દામાલ તેમના દૈનિક કામકાજ માટે અગત્યના સાધન હોઈ, તેમને સદર મુદ્દામાલની આવશ્યકતા છે. જો સદર મુદ્દામાલ તેમને પરત ન આપવામાં આવે તો તેમને અગવડ પડે તેમ છે તેમજ આર્થિક નુકસાન જાય તેમ છે. અરજદાર નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરશે, જેથી અરજદારને ઉપરોક્ત મુદ્દામાલ પરત આપવા વિનંતી કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ તપાસ કરનાર અધિકારીના આંક-૪ ના સોગંદનામા આધારે રજૂઆત કરેલ

છે કે, સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ લેપટોપ, ડેસ્કટોપમાં રોકાણકારોએ રોકેલ રકમ, વ્યાજના હિસાબોની વિગતો તેમજ અન્ય ખૂબ જ અગત્યના ડેટા છે. જો સદર મુદ્દામાલ અરજદાર–આરોપીને પરત આપવામાં આવશે તો તેમાં રહેલ ડેટા સુરક્ષિત રહેશે નહીં અને જો તેમ થાય તો ફરિયાદ પક્ષના કેસને ગંભીર નુકસાન થશે. જેથી અરજદાર–આરોપીની હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**(૫)** અરજદારની અરજીની હકીકતો, બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ રજૂઆત, તપાસ કરનાર અધિકારીનો આંક–૪ નો અભિપ્રાય તેમજ રજૂ થયેલા પેપર્સ વંચાણે લેતાં એ હકીકત ફલિત થાય છે કે, ચોકબજાર પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૧૨૨૫૧૧૫૫/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૬(૫), ૬૧(૨), ૩(૫), ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ–૩ તથા પ્રાઈઝ ચીટ એન્ડ મની સરક્યુલેશન સ્કીમ્સ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ–૪, ૫, ૬ ના કામે અરજદારના Dell કંપનીના લેપટોપ નંગ–૨, HP કંપનીનું સી.પી.યુ. તથા રૂપિયા ગણવાનું મશીન કબજે લેવામાં આવેલ છે. અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, ઉપરોક્ત મુદ્દામાલ તેમની માલિકીનો છે, જે અંગેના બીલ તેમણે નિશાની–૩/૪ થી ૩/૬ અન્વયે રજૂ કરેલ છે. અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, સદરહુ મુદ્દામાલ વધુ સમય બિનવપરાશી પડી રહે અને તે ઈલેક્ટ્રોનિક વસ્તુ હોઈ, તેની બેટરી, સર્કીટ તથા અન્ય પાર્ટ્સ વગેરેને નુકસાન થાય તેમ છે. સદરહુ મુદ્દામાલ તેમના અંગત કામકાજ માટે

અગત્યના સાધન હોઈ, તેમને સદર મુદ્દામાલની આવશ્યકતા છે. જો તે મુદ્દામાલ તેમને પરત ન આપવામાં આવે તો તેમને ઘણી અગવડતાનો સામનો કરવો પડે તેમ છે અને આર્થિક નુકસાન જાય તેમ છે. અત્રે એ હકીકત નોંધનીય છે કે, સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને અત્રેની કોર્ટમાં જી.પી.આઈ.ડી. ફોજદારી મુકદ્દમા નં.૧૦/૨૦૨૫ થી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતાં, અરજદારને કેટલીક ચોક્કસ શરતોને આધિન સદર મુદ્દામાલ વચગાળાના સમય માટે પરત આપવો ઉચિત જણાય છે, જેથી અરજદારની અરજી અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

## હુકમ

**૧.** અરજદારની જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૫૩/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** ચોકબજાર પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૧૨૨૫૧૧૫૫/૨૦૨૫ ના કામે કબજે લવામાં આવેલ (૧) Dell કંપનીનું લેપટોપ સીરીયલ નં.20T62Z2, (૩) Dell કંપનીનું લેપટોપ સીરીયલ નં.HXQHQC2, (૩) HP કંપનીનું સી.પી.યુ. સીરીયલ નં.SCG931656F તથા (૪) રૂપિયા ગણવાનું મશીન સીરીયલ નં.LTIM02202210000599 નો વચગાળાનો કબજો આ કામના અરજદાર **હાર્દિકકુમાર અશોકભાઈ શાહ તે Shah's Investment ના ડિરેક્ટર**ને નિયમોનુસાર નીચેની શરતોને આધીન તેઓ સદર મુદ્દામાલની પંચનામામાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કર્યેથી સોંપવા હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ**

**(૧)** અરજદારે સદરહુ મુદ્દામાલ કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર કરવો નહીં તેમજ તેનો કબજો કોઈને કોઈ પણ પ્રકારે આપવો નહીં.

**(૨)** અરજદારે સદરહુ મુદ્દામાલ યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવો.

**(૩)** અરજદારે સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ જ્યારે મંગાવે ત્યારે અચૂક રજૂ કરવાનો રહેશે.

(૪) **અરજદારે સંબંધીત પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધિકારી અથવા અન્ય અધિકૃત પોલીસ કર્મચારી રૂબરૂ સદર લેપટોપ/ડેસ્કટોપ/સી.પી.યુ. માં રહેલા ડેટાની એક કોપી સી.ડી.માં રેકર્ડ કરાવી તેમજ મુદ્દામાલના ફોટોગ્રાફ લેવડાવી, તે સી.ડી. તથા ફોટોગ્રાફ્સ તપાસ કરનાર અધિકારીએ તપાસના કાગળોમાં સામેલ રાખવા અને ત્યાર બાદ સદર મુદ્દામાલ અરજદારને પરત કરવા હુકમ કરવામાં આવે છે.**

**૩.** આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૭મી** માહે **એપ્રિલ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP